## ઈન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર
## આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ-૩૮૮૧૧૦

વંચાણે લીધો :(૧) હિસાબી અધિકારી –વ-હિસાબ નિયામક, આકૃયુ, આણંદના પરિપત્ર જા.નં.આકૃયુ/હીઅવહિની /આઈટી પરીપત્ર/ ૧૪૧૨૮-૭૭/૨૦૧૨ તા.૨૮/૦૨/૨૦૧૨

(૨) અત્રેની કચેરીના પરીપત્ર જા.નં.આકૃયુ/ડીઆઈટી /૩૪-૩૯/૨૦૨૨ તા.૧૩/૦૪/૨૦૨૨

(૩) અત્રેની કચેરીના પરીપત્ર જા.નં.આકૃયુ/ડીઆઈટી /૪૭૪-૭૭ /૨૦૨૨ તા.૨૨ /૧૨/૨૦૨૨

(૪) ઉધોગ અને ખાણ વિભાગ ,ગુજરાત સરકાર ,ગાંધીનગરનાં ઠરાવ કમાંક નં.એસ.પી.ઓ -૧૦૨૦૧૫ – ૬૯૧૦૯૩- ચ તા.૩ /૨ /૨૦૨૧

(૫) કુલસચિવશ્રી, આકૃયુ, આણંદનાં પરીપત્ર જા.નં.આકૃયુ/રજી /સંકલન /૧૫૫૨-૬૧/૨૦૨૪ તા.૧૮/૦૪/૨૦૨૪ થી આકૃયુમાં અમલમાં મુકેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ -૨૦૨૪

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબયુનિટ વડાશ્રીને જણાવવાનું કે, વંચાણે લીધેલ સંદર્ભિત પરીપત્ર -૧ થી ૩ અનુસાર આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વિવિધ આઈ.ટી.ને લગતી વસ્તુઓ ખરીદ કરવા સમયાંતરે વિવિધ પ્રકારની ગાઈડ લાઈન પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. જે અંતર્ગત નિયામકશ્રી(આઈટી) ની તાંત્રિક મંજુરી મેળવવી તથા GeM IT કમિટીની રચના કરવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધેલ સંદર્ભિત ઠરાવ -૪ તથા હાલમાં સંદર્ભિત પરીપત્ર -૫ મુજબ તા.૦૧/૦૪/૨૦૨૪ થી અમલમાં મુકેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ -૨૦૨૪ ને ધ્યાને લેતા તે મુજબ યુનિવર્સિટીમાં ખરીદીની પ્રક્રિયા કરવાની રહે છે. ગુજરાત ખરીદ નીતિ-૨૦૨૪ અનુસાર જે તે યુનિટ / સબયુનિટ / વિભાગ કક્ષાએ સ્પેશીફીકેશન નક્કી કરવા તથા ખરીદી કરવા કમિટીની રચનાઓ કરવાની થાય છે. વધુમાં સદર કમિટીમાં જરૂર હોય ત્યાં વિષય નિષ્ણાંતને કો-ઓપ્ટ / આમંત્રિત કરવાની જોગવાઈ છે. જેથી સદર જોગવાઈને ધ્યાને લેતા GeM IT કમિટીની જરૂરીયાત ન રહેતા તેને રદ કરવામાં આવે છે. તથા ડેડસ્ટોક આઈટમ માટે નિયામક આઈ.ટી.ની તાંત્રિક મંજુરી મેળવવાની પ્રક્રિયા ચાલુ રહેશે.

જેથી તમામ યુનિટ /સબયુનિટ વડાશ્રીઓએ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૨૪નો અભ્યાસ કરીને તેને અનુરૂપ ખરીદીની પ્રક્રિયા કરવાની રહેશે તથા વંચાણે લીધેલ સંદર્ભિત પરીપત્ર -૧ ,૨ તથા ૩ માં દર્શાવેલ આઈ.ટી સંલગ્ન ખરીદી અન્વયે પ્રસિધ્ધ કરેલ જોગવાઈ રદ કરવામાં આવે છે.

વધુમાં સંદર્ભિત પરીપત્ર -૧ માં દર્શાવેલ આઈટીને સંલગ્ન રાઈટ ઓફને લગતી જોગવાઈ યથાવત રહેશે.

અત્રેની કચેરીની અસલ નોંધ પર માન.કુલપતિશ્રીએ મંજુરી મેળવેલ છે.

R. S. [signature]
નિયામક
ઈન્ફોર્મેશન ટેકનોલોજી

જા.નં.આકૃયુ/ડીઆઈટી/ ૯૭૫-૭૯/૨૦૨૪
તા. ૧૯/૦૬/૨૦૨૪

**નકલ રવાના:**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.
(૨) માન.સંશોધન નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.
(૩) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.
(૪) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ
(૫) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.